

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અમે, ગામે ગામ મફત રસોડાં કરી દેસું !*
*રહેશે નહીં કોઈ ભૂખ્યું, પોષિત કરી દેસું !*
*કરી દેસુ હલ, નોકરી બેકારીની સમસ્યા -*
*વેરા-કરજ, એક કાંકરે દૂર કરી દેસું*
*(શ્રેષ્ઠ ઢંઢેરો)*

**હાઈકુ**

*મત આપીને -*
*ખાઈ-પી-સૂઈ જાવ!*
*બધું મફત!!*

*ખાસું નિરાંતે*
*આવા દેસુ છૂટથી -*
*તમને પણ...*

*(ઢંઢેરા - સ્પર્ધા)*

### ચિંતન

**ના કછુ કિયા, ન કરિ શકા, ન કર, ને જોગ શરીર**
**જો કછુ કિયા સો હરિ કિયા, તાતે ભયા કબીર**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર સાહેબ પોતાના અસ્તિત્વ વિશેનો જશ હરિને જ આપે છે. અને 'હું' પણું ત્યજીને કહે છે કે આજે હું જે કંઈ છું તે હરિનો પ્રતાપ છે. અને કહે છે કે મેં કંઈ કર્યું નથી, હું કંઈ કરી શક્યો નથી અને કંઈ કરવા જેવું મારું શરીર પણ નથી, મેં કંઈ કામ શરીર દ્વારા કર્યું તે તો હરિની પ્રેરણાથી કર્યું છે. તેમાં મારું આ શરીર કેમ ગર્વ લઈ શકે.

કોઈને ઉપદેશ આપ્યો તે તો હરિએ પ્રેરણા કરી એટલે મારી જીભ તે મુજબ બોલી ગઈ. કબીર આગળ કહે છે કે કબીર મહાત્મા કહેવાયો તે એને તેનું શરીર તો એક ખોખું છે. મહાત્મા તો પ્રભુ જ છે. જે કબીરના શરીર દ્વારા મહાત્માપણાનો વેશ ભજવી જગતને ઉપદેશ આપે છે. જે કંઈ પોતાને કરવા યોગ્ય લાગે તે લોકહિતાર્થે કરી દૂર થઈ જવું અને ફળની અપેક્ષા ન રાખવી આજ તો કર્મયોગ છે.

### સુવિચાર

- જયારે બે હાથોની મહેનત ફળે છે, સઘળો જશ...
  હસ્તરેખાઓને જ મળે છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સુખ સવાર જેવું છે, માગો તો ન મળે, જાગો તો મળે **- જીતેન્દ્ર અઢિયા**
- વાર કરના હૈં તો સામને વાલે કો ગોલ પર નહીં,
  સામને વાલે કે દિમાગ પર કરો - ગોલ ખુદ બ ખુદ હો જાયેગા **- ચક દે ઈન્ડિયામાં શાહરૂખ ખાન**
- ધમંડ ફરિશ્તો ને દૈત્યોમાં બદલી નાખે છે, વિનમ્રતા આદમીને ફરિશ્તા બનાવી દે છે **- સંત ઓગસ્ટીન**
- ખ્યાતિના માર્ગ ઉપર ફુલી બીછાવેલા નથી હોતા **- મલેશિયન કહેવત**
- જે કંઈ જ જાણતો નથી, તે કોઈના માટે સંશય નથી રાખતો **- એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ફ્રેકચર થયું હોય ત્યારે લસણ, મધ અને સાકર મેળવીને સવાર-સાંજ ખાવાથી હાડકું જલ્દી સંધાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા ભોજ ગાઢ નિદ્રામાં હતા. ત્યારે એમને સ્વપ્નમાં એક દિવ્ય પુરુષના દર્શન થયાં. રાજા ભોજે તેમનો પરિચય માંગ્યો. જવાબમાં દિવ્ય પુરષે કહ્યું, 'હું સત્ય છું, હું તમારી ઉપલબ્ધિઓનું વાસ્તવિક રૂપ દેખાડવા આવ્યો છું, ચાલો મારી સાથે.' રાજા અને દિવ્ય પુરુષ ચાલતા ચાલતા નીકળ્યા. રાજા ભોજને પોતાના ધર્માત્મા હોવાનો ગર્વ હતો. તેમણે જનતા માટે મંદિરો, ધર્મશાળાઓ, કુવા વગેરે બનાવડાવ્યા હતા. દિવ્ય પુરુષ રાજા ભોજને તેમના મહેલમાં આવેલા બગીચામાં લઈ ગયા. અને કહ્યું, 'રાજા આ બગીચાનું તમે બહુ અભિમાન છે ને ?' એમણે એક ચીકુડીને સ્પર્શ કર્યો તાં તો એ વૃક્ષ ચીમડાઈ ગયું. ગુલાબ-મોગરાને અડ્યા તો તે પણ સુકાઈ ગયા. બદીચાને છેડે એક સુંદર સુવર્ણ જડિત મંદિર હતું તે મંદિરને સ્પર્શ કર્યો તો તે મંદિર પણ લોખંડની જેમ કાળું પડી ગયું. અને ખંડેર જેવું થઈ ગયું. રાજા ભોજ તો આવું જઈને દુઃખી થયા. કારણ કે આ બધા છોડ અને મંદિર ખૂબ ભાવથી ઊછેર્યા તથા બનાવડાવ્યા હતા. દિવ્ય પુરુષે કહ્યું, 'રાજન, ભ્રમમાં ન પડો. ભૌતિક વસ્તુના આધાર પર મહાનતા ન આંકી શકાય, એક ગરીબ વ્યક્તિ દ્વારા પીવડાવવામ્ આવેલ એક લોટો પાણીની કિંમત તેનું પુણ્ય કોઈ યશલોલુપ ધનિકની લાખો સુવર્ણ મુદ્રાઓથી કયાંક વધુ હોઈ શકે છે.' આટલું બોલી દિવ્ય પુરુષ અંતર્ધ્યાન થઈ ગયા. રાજા ભોજે સ્વપ્ન પર ગંભીરતાથી વિચાર કર્યો એમને વાસ્તવિકતા સમજાઈ. પછી તેઓ એવા કામોમાં લાગી ગયા જેમને કરતાં તેમણે યશ મેળવવાની લાલસા ન રહી.

# ભાજપના ભીષ્મ પિતામહના મનની વાત

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન પદે આરૂઠ થવા માટેની તમામ લાયકાતો ધરાવતા હોવા છતાં એ પદેથી વંચિત રહી ગયેલા અને છેલ્લે ગાંધીનગરનું સાંસદ પદ સુધ્ધાં નહીં સાચવી શકેલા ભાજપના મૂળ સંસ્થાપક લાલકૃષ્ણ અડવાણી એમની હિંદુત્વવાદી વિચારધારા અને રાષ્ટ્રવાદના લેબલ છતાં દુનિયાભરમાં ભારતના વિચક્ષણ રાષ્ટ્રીય નેતા તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે. એકાણુમે વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લેવાની ગરિમા ન કેળવી શક્યા એ ઘણી કમનસીબ બાબત છે. નહીંતર અટલ બિહારી વાજપેયી પછી 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ રાષ્ટ્રીય સમ્માનના સાચા અધિકારી તો અડવઆણી જ ગણાઈ શકે એમ છે. વિપક્ષના તદ્દન સામા છેડાની વિચારસરણી ધરાવતા રાહુલ ગાંધી જેવા નેતાઓ પણ અડવાણીને ખૂબ જ આદરની નજરે જોતા રહ્યા છે. અડવાણીએ દેશની અસ્મિતાને અનુરૂપ હિંદુ રાષ્ટ્રની વણલખી ઓળખ ઉપલબ્ધ કરાવવામાં સિંહ ફાળો આપ્યો છે. એમણે સોમનાથથી અયોધ્યા સુધીની રામજન્મભૂમિ રથયાત્રા કાઢીને દેશભરમાં હિંદુત્વનું વાવાઝોડું ઊભું કર્યું હતું, જેની ફળશ્રુતિ બાબરી ઢાંચાના ધ્વંસમાં પરિણમી હતી અને કલાકાન્તરે બે બેઠકોમાંથી ભાજપ સંપૂર્ણ બહુમતી સુધીની પ્રગતિ કરી શક્યો હતો. નરેન્દ્ર મોદી અડવાણીના શિષ્ય, સારથિ અને રાજકી વારસદાર તરીકે વિકસ્યા. ભાજપ સ્થાના દિવસ નિમિત્તે અડવાણીએ એમના બ્લૉગ પર પોતાના મનની વાત મૂકીને શાસક પક્ષને એક દિશાસૂચક કરવાની તક ઝડપી છે. એમણે પોતાને છ-છ વાર સંસદના પ્રતિનિધિ તરીકે ચૂંટી મોકલનારા ગાંધીનગર સંસદીય મત વિસ્તારના મતદાતાઓનો આભાર માન્યો છે અને ભાજપની વિચારધારા સાથે સહમત નહીં થનારાઓ પ્રત્યે પણ સદ્ભાવ વ્યક્ત કર્યો છે. ભાજપના મૂળ સંસ્થાપકોએ ટીકાકારોને દેશવિરોધી કે દુશ્મન નથી માન્યા ! લોકશાહીનું એ સ્તો હાર્દ છે. 'સૌનો સાથ સૌનો વિકાસ' જેવું રળિયામણું સૂત્ર વહેતું મૂકીને વિરોધી વિચારધારા વાળાઓની રાષ્ટ્રભક્તિ સામે પ્રશ્નો ઉઠાવવા તે કેટલું ઉચિત છે તે અડવાણીના ગર્ભિત સંકેત પરથી અભિવ્યક્ત થયા વગર નથી રહેતું. બંધારણે આપેલી અભિવ્યક્તિની સ્વતંત્રતા અને પોતપોતાની રીતે જીવવાની આઝાદી સામે ભાજપના આ મૂળ પુરુષને કોઈ જ વાંધો નથી નડ્યો. વળી એમણે રાષ્ટ્ર પહેલું, પક્ષ પછી અને પોતે સૌથી છેલ્લા - એ અભિગમ સાથે રાજકારણ ખેલ્યું છે. આથી જતી ઉંમરે અને પક્ષ સામે ૨૦૧૯ની ચૂંટણીઓ જીતી પુનઃ સત્તા સંભાળવાની તક આવી છે ત્યારે અડવાણીએ બહુ જ સંયત ભાષામાં છતાં સૌ કોઈને એનો મર્મ સમજાઈ જાય તે રીતે વર્તમાન નેતાગીરીને 'લૂક બૉક, લૂક અહેડ એન્ડ લૂક વિધિન' - ભૂતકાળ પર નજર કરવા, ભવિષ્ય ભણી મીટ માંડવા અને પાર્ટીની અંદર પણ લોકશાહી મૂલ્યો જળવાઈ રહે તેવી ખાતરી રાખવાની ટકોર કરી છે. અડવાણીના બ્લૉગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદરાંજલીનાં ફૂલ જરૂર વરસાવ્યા છે, પરંતુ બિટવિન ધ લાઈન્સ એમનું નિવેદન પાર્ટીની વર્તમાન નેતાગીરી સામે વયોવૃદ્ધ નેતાની નારાજગી જ સૂચવે છે. ચૂંટણી પ્રચારમાં વિપક્ષો માટે એ હાથવગું હથિયાર બની રહેશે.

## કોયલે કો કીતના ભી ધો લો... સર્ફ સે, નિરમા સે રીન સે, વો હંમેશા કાલા કા કાલા હી રહતા હૈ...



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**કોયલે કો કીતના ભી ધો લો... સર્ફ સે, નિરમા સે રીન સે, વો હંમેશા કાલા કા કાલા હી રહતા હૈ...**

**- વેલકમ**

ઈ.સ. ૨૦૦૭માં નાના પાટેકર, અનિલ કપૂર, અક્ષય કુમાર અને પરેશ રાવલ, અભિનિય તથા અનીસ બાઝમી દિગ્દર્શિત 'વેલકમ' ફિલ્મના સંવાદ રાજીવ કૌલ અને પ્રફુલ પારેખે લખ્યા હતા.

આટલા બધા કલાકારોનો જમાવડો હોવા છતાં પરેશ રાવલનું કોમિક ટાઈમીંગ અને સંવાદ બોલવાની તેમની અલગ પ્રતિભાને કારણે 'ઘુંઘરું શેઠ' તરીકેનું તેમનું પાત્ર ખૂબ જ પ્રચલિત થયું હતું. તેમનો જ 'હંગામા' ફિલ્મનો એક સંવાદ છે કે - 'કૌવા કિતના ભી વોશિંગ મશીન મેં નહા લે, બગુલા નહીં બનતા.' કોઈ પણ વગર લાયકાત વાળો વ્યક્તિ ભલે ગમે તેટલો પ્રયત્ન કરે પરંતુ તે કયારેય યોગ્ય લાયકાત વાળા વ્યક્તિની બરોબરી કરી શકતો નથી.

આવા જ અર્થને દર્શાવતો એક શ્લોક 'નરાભરણમ્' નામક ગ્રંથમાં મળી આવે છે.

**ઉચ્ચાસનગતો નીચો નીચ એવ ન ચોત્તમઃ ।**
**પ્રાસાદશિખરસ્થ : અપિ કાકો ન ગરુડાયતે ॥**

ઊંચા આસન ઉપર બેઠેલો નીચ પણ નીચ જ રહે છે, ઉત્તમ નથી બની જતો. મહેલના શિખર પર ઉપર બેઠેલો હોવા છતાં કાગડો ગરુડ નથી બની જતો.

આપણે ત્યાં સમાજમાં ઘણા એવા ખોટા અને ખાલી-ખમ લોકો ઊંચા સ્થાન પર લાગવગ કે પૈસાના જોરે ચઢી બેસેલા જોવા મળે છે. જયારે સમાજમાં એવા લાયક અને બુદ્ધિશાળી લોકો પણ જોવા મળે છે, જેઓ કદાચ વિધિની વક્રતાને કારણે તેવા ઉચ્ચ-સ્થાને ન બેઠા હોય...

પરંતુ તેનાથી કશો ફરક નથી પડતો... હીન કે નિમ્ન વ્યક્તિ ગમે તેવા સફેદ કપડા ધારણ કરીને ફરતો હોય છતાં તેના કાળા કર્મ કયારેય તેનાથી ઢંકાતા નથી.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## 'વાર્તા વાચિકમ્' કાર્યક્રમ યોજાયો



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તા વાચિકમ્ કાવ્યપઠન અને નાટક (એકાંકી) વાંચન તથા તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગતનો એક કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ મૂળજીભાઈ પરમાર દ્વારા સર્વેને આવકારવામાં આવ્યા અને ડૉ મોહનભાઈ પરમારે લેખક જેસિંગભાઈ જાદવ અને મૂર્ધન્ય સાહિત્યકાર દલપત ચૌહાણની ઓળખનાં ઓજસ પાથર્યા હતા. ત્યારબાદ જેસિંગભાઈ જાદવે વાર્ચા વાચિકમ્માં તેમની વાર્તાઓ (અ) 'વાઢ' અને (બ) 'ખરચ' રજૂ કરી, જયારે દલપત ચૌહાણે તેઓનાં બે કાવ્યો રજૂ કર્યા અને સાથોસાથ તેઓની બહુ વખણાયેલ વાર્તા 'દરબાર' ઉપરથી તેઓએ તૈયાર કરેલ નાટક 'દોસદાર'નું પઠન કર્યું. ત્યારબાદ પ્રા. યશવંત વાઘેલાએ ત્રિઅંકી નાટક વિષેની અભ્યાસપૂર્ણ માહિતી રજૂ કરી, હાજર સર્વે લેખકોને એકાંકી નાટક લખવા પ્રત્યે ઉત્સાહિત અને પ્રેરિત કર્યા. પ્રમુખ ડૉ. મોહન પરમારે સંસ્થાનું આગામી પુસ્તક 'નાટ્યગ્રંથ - નિસબત - ૨૦૧૯' તરીકે એકાંકી સંગ્રહ બહાર પાડવાનું જાહેર કર્યું. ડૉ. મોહન પરમાર, પ્રા. યશવંત વાઘેલા, મૂળજીભાઈ મકવાણા, મહેબુબ અ. સૈયદ, પ્રવીણભાઈ શ્રીમાળી, તથા હરગોવિંદ બી. મકવાણાએ કૃતિઓ અંગે વિચાર વિમર્શ કરી, તે અંગેની સમીક્ષા અને વિવેચન કર્યું. કાર્યક્રમના અંતે ડૉ. ભીખુ વગેડાએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુપુરે સંચાલન મૂળજીભાઈ પરમારેએ કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com
Mo. 98242 36893

# મહાકવિ નાનાલાલની સ્મૃતિ વંદના



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ !
કૃષ્ણચન્દ્રની કૌમુદી – ઉજળો
કીધ પ્રભુએય સ્વદેશઃ
અમારો ગુણિયલ ગુર્જર દેશ !

દલપત પુત્ર મહાકવિ નાનાલાલે ધરા ગુર્જરીની ગાથા ઉપરના સુંદર શબ્દોમાં ગાઈ છે. કવિની આ રચના અમરત્વને પામી છે. નાનાલાલ એ આપણાં અર્વાચીન ગુજરાતના અગ્રહરોળના કવિ છે. પ્રતિભા સંપન્ન તેમજ અનેક ઊર્મિગીતોના સર્જક આ કવિના અનેક સર્જનોએ આપણી ભાષાને રળિયાત કરી છે. અમદાવાદમાં ૧૬મી માર્ચ ૧૮૭૭ ના રોજ જન્મેલા કવિ નાનાલાલ સ્વદેશાભિમાન તથા આત્મસન્માનથી ઉજ્વળ જીવતર જીવીને અમર થયા છે. ગુડીપડવાના દિવસો પણ નજીકમાં છે. તીથિ મુજબ ગુડીપડવો એ મહાકવિની જન્મજયંતિ છે. અનેક સાહીત્યપ્રેમી લોકોના મનમાં કવિની પાવક સ્મૃતિ આ દિવસોમાં વિશેષ થાય તે સ્વાભાવિક છે. નાનાલાલે નાનપણમાંજ જોયું તથા અનુભવ્યું કે પિતાને એક કવિ તરીકે અનોખું સ્થાન તથા સન્માન મળે છે. બાળક નાનાલાલને પણ કવિ થવાની મહેચ્છા જાગી તથા તેઓ પણ એક મોટા ગજાના કવિ તરીકે પ્રસ્થાપિત થયા. એમનું ઉચ્ચ શિક્ષણ મુંબઈ યુનિવર્સિટીમાં થયું હતું. યુનિવર્સિટી સાથે તેમને વિશેષ લગાવ પણ રહેલો હતો. "મુંબઈ યુનિવર્સિટી છે તો ન્હાનાલાલ છે" એવી લાગણીસભર વાત તેમણે કરી હતી. રાજકોટની રાજકુમાર કોલેજમાં તેમણે અધ્યાપનનું કાર્ય કર્યું હતું. મહાકવિ નાનાલાલની કલમે સાહિત્યના અનેક સ્વરૂપોનું સર્જન કર્યું છે. વિદ્વાનો તેમની કાવ્યશક્તિને શ્રેષ્ઠ ગણાવે છે. ગુજરાતને ખૂણે ખૂણે ફરીને ધરતી સાથેની એકરૂપતા તેમણે કેળવી હતી. તેમની કાવ્યધારામાં તેની પ્રતિતિ પણ થાય છે. ગુર્જર ધરામાં તેમને વિભિન્ન ભાતીગળ રંગોનું સ્વસ્થ સંયોજન જોવા મળેલું છે.

ઈસ્લામી યાત્રાળુંનું આ
મક્કાનું મુખબાર :
હિન્દુ, મુસલમિન, પારસીઓને
અહીંયા તીરથદ્વાર,
પ્રભુ છે એક, ભૂમિ છે એક,
પિતા છે એક માત છે એક
આપણે એકની પ્રજા અનેક
ધન્ય હો ! ધન્ય જ પુણ્ય પ્રદેશ.

દેશ પરાધિન થયો હતો તે કપરા કાળમાં આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવશે કે કેમ તથા તેમ થશે તો પણ ક્યારે થશે તેની અનિશ્ચિતતા તથા ચિંતા ઘણા લોકોના મનમાં હતી. ગોરી હકૂમતની નાગચૂડ સખત હોય તેવો એ સમય હતો. અનેક નાનામોટા રજવાડાઓ ગોરા અમલદારોની નારાજગી વહોરવી પડે નહિ તેની સંપૂર્ણ તકેદારી રાખીને પોતાનો વહીવટ ચલાવતા હતા. હતા. એક નાનો શિક્ષિત વર્ગ બહોળા આમ સમુદાયની પિડા સમજવા માટે સજ્જ ન હતો. ગાંધીરૂપી સૂર્યોદય થયો ત્યાં સુધી અનેક આગેવાનો પણ પૂર્ણ સ્વરાજ્યની કલ્પના કરી શક્યા ન હતા. આ કપરા સમયમાં પણ દ્રષ્ટા કવિ નાનાલાલ મુક્ત ભારતના વિચારના સમર્થ વાહક બન્યા હતા. કાળક્રમે ગાંધીજી દેશના નક્શા ઉપર દેખાયા અને જોત જોતામાં છવાઈ ગયા હતા. કવિ નાનાલાલ (૧૮૭૭ – ૧૯૪૬) ગાંધીજી કરતા આઠ વર્ષ નાના હતા. ૧૯૧૯ માં ગાંધીજીની ૫૦મી જન્મજયંતિ દેશભરમાં અનેક લોકો પોત પોતાની રીતે ઉજવતા હતા. આ અવસરે કવિ નાનાલાલે ગાંધીજીને ઉમળકાભેર અંજલિ આપતું એક સુંદર તથા અર્થપૂર્ણ કાવ્ય "ગુજરાતનો તપસ્વી" લખીને પ્રગટ કર્યું. આ કાવ્યને ગુજરાતી ભાષામાં ગાંધીજી વિશે લખાયેલું આ પ્રથમ કાવ્ય માનવામાં આવે છે. આ કાવ્ય જેવા ગાંધી વિશે બીજા કાવ્યો ભાગ્યેજ જોવા મળે તેવું સાહિત્યના અભ્યાસુઓનું તારણ છે. જે સમયે કવિએ આ કાવ્ય લખ્યું ત્યારે તેઓ બ્રિટિશ સરકારની નોકરીમાં હતા. કવિ સૌરાષ્ટ્રની બ્રિટિશ એજન્સીના શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા હતા. આ પદ સાથે પ્રતિષ્ઠા તથા સારું એવું આર્થિક વળતર જોડાયેલા હતા. આવું કાવ્ય ગાંધીજી માટે લખ્યા પછી ગોરી સરકારની નારાજગી વહોરવી પડશે તેની પૂરી પ્રતિતિ પણ કવિને હતી, પરંતુ આ દલપત પુત્ર આવી બધી બાબતોને ગણકારે તેવા ન હતા. કવિને આ સત્યકથનની આકરી કિમ્મત ચૂકવવી પડી. મહાકવિને નોકરી છોડવી પડી. ૧૯૨૧માં નોકરી છોડીને કવિએ અમદાવાદમાં નિવાસ શરૂ કર્યો. વાત આટલેથી પૂરી થઈ ન હતી. ૧૯૨૨ માં કવિની ધરપકડ કરવા માટે મુંબઈ સરકારે વોરંટ કાઢ્યું. બ્રિટિશ સત્તાધિશો દેશના મુક્તિ સંગ્રામના મરજીવાઓ સામે કોઈ ઢીલું વલણ દર્શાવવા માંગતી ન હતી, પરંતુ આ બ્રિટિશ અમલદારોમાં પણ કેટલાંક અધિકારીઓ સંવેદનશીલ તથા સૂઝ બૂઝ વાળા હતા. કવિશ્વર દલપતરામના આજીવન મિત્ર ફાર્બસ આ બાબતનું એક આવુંજ જવલંત ઉદાહરણ છે. કવિ નાનાલાલની ધરપકડ કરવા અંગેના વોરંટ બાબતમાં પણ અમદાવાદના તત્કાલિન કલેકટર શ્રી ચેટફિલ્ડે મુંબઈ સરકારને એક વિગતવાર પત્ર લખ્યો. આ પત્રમાં કવિ તરીકેની નાનાલાલની ઉચ્ચ પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને તેમની સામેનું વોરંટ રદ કરવા કલેકટરે આગ્રહપૂર્વક રજૂઆત કરી. મુંબઈ સરકારે આ ભલામણ માન્ય રાખીને કવિ સામેનું વોરંટ રદ કર્યું. મહાકવિના વ્યક્તિત્વની આવી અનોખી પ્રતિભા હતી. મહાકવિનું બિરુદ કવિને લોકસમૂહે પ્રેમ તથા આદરપૂર્વક આપેલું હતું. ૧૯૨૧ માં સારા પગાર તથા સુવિધાઓ વાળી સરકારી નોકરી છોડી જીવનના શેષ પચીસ વર્ષ કવિએ આર્થિક સંકડામણ વચ્ચે ગાળ્યા. પરંતુ સરસ્વતીની અખંડ આરાધના કરવાના નિશ્ચયમાં કદી શિથિલતા કે નિરાશા તેમના જીવનમાં દેખાયા નથી. કલમને ખોળે માથું મૂકીને જીવવાના આવા આકરા તપ ભાગ્યેજ જોવા મળે છે. "વીર સત્ય ને રસિક ટેકીપણું" વાળી કવિ નર્મદની વાત મહાકવિ નાનાલાલને પૂર્ણતઃ લાગુ પડે છે.

મહાકવિ નાનાલાલ ટ્રસ્ટ તરફથી દર વર્ષે ગુડી પડવાના દિવસે કવિશ્રીની જયંતી ઊજવાય છે. તે માટે આ ટ્રસ્ટના સભ્યશ્રીઓ તેમજ મહાકવિના કુટુંબીજનો અભિંદનને પાત્ર છે. ગુડી પડવાના દિવસે અનેક સાહિત્યપ્રેમી લોકો કવિશ્રીની સ્મૃતિને વંદન કરી તેમના જીવન તથા કવન વિશે વિચાર વિનિમય કરે છે. આવો કાર્યક્રમ નિયમિત સ્વરૂપે યોજવામાં આવે છે તે પણ નોંધપાત્ર બાબત છે.

# દાંડીના દરીયે ચપટી મીઠું ઉપાડવાને આજે છઠ્ઠી એપ્રિલે ૯૦મું વર્ષ



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

આજે છે છઠ્ઠી એપ્રિલ. મહાત્મા ગાંધીએ ૧૯૩૦ના રોજ આજની તારીખે દાંડીના દરિયા કિનારે ચપટી મીઠું ઉપાડી ને મીઠા ના કર સામે સત્યાગ્રહ કર્યો હતો. છઠ્ઠી એપ્રિલ ૧૯૩૦ના દિવસે બ્રાહ્મમુહૂર્તમાં સવારે સાડા ત્રણ વાગ્યે ગાંધીજી ઉઠી ગયા હતા. તેમની સાથે જોડાયેલા દાંડી સૈનિકો અને ત્યા ઉપસ્થિત હજારો લોકો તો આખી રાત સુતા જ ન હતા. જગતના પવિત્રમાં પવિત્ર માનવીના હાથે જે સત્યના આગ્રહ સાથે યજ્ઞ પ્રગટવાનો હતો તેની તૈયારીમાં સહુ પડ્યા હતા. આખી રાત જાગીને તેમણે આવતી સવારનો સુરજ દુનિયાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવાનો છે એની કલ્પનામાં એ કોઈ સૂતા જ નહોતા. એકમાત્ર સ્થિતપ્રજ્ઞ એવા ગાંધીજીએ નીંદર લીધી હતી.

**મહાત્મા ગાંધીએ ચપટીમાં મીઠું ભરતાં કહ્યું 'બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં આથી લૂણો લગાડું છું'**

વહેલી સવારે ૬ વાગે ગાંધીજી અને હજારો લોકો ગાંધીજીના સૈનિકો દાંડીના સમુદ્ર કિનારે પહોંચી ગયા હતા. મહાત્મા ગાંધીને કોઈએ પૂછ્યું, 'બાપુ તમે પણ સમુદ્રસ્નાન કરશો કે'? ત્યારે ગાંધીજીએ જવાબ વાળ્યો, ×જરૂર જે ધર્મ યુદ્ધનો આરંભ કરવો છે તે કાર્ય તો સ્નાન કરીને પવિત્ર બન્યા પછી જ કરાય×. એમ કહી તેઓ કોઈ અવધૂતની પેઠે લંગોટીભેર સમુદ્રમાં દોટ. સ્નાન કરીનેકી ગાંધીજી બહાર નીકળ્યા ત્યારે આપ્તજનો સાથે થોડો વાર્તા વિનોદ પણ તેમણે કર્યો. આ વિનોદમાં એમના સહાધ્યાયી ને વડોદરા રાજ્યના ભૂતપૂર્વ કેશવરાવ દેશપાંડે અને બીજા ગુજરાતના પહેલા ક્રાંતિકારી કે જેમને આખું ભારત 'ડુંગળી ચોર' તરીકે ઓળખે છે એવા મોહનલાલ પંડ્યા હતા.

શાંતિથી સમુદ્ર સ્નાનમાંથી પરવારીને ગાંધીજી લોક સમુદાય સાથે એક માઈલ સુધીના વિસ્તારમાં ખાંજણમાં અને ખાડાઓમાં દરિયાનું પાણી ભરાઈ ને સુકાઈ જવાથી તૈયાર થયેલું મીઠું શોધવા નીકળ્યા હતા. ગાંધીજીને ઉતારા માટે જે મકાન મળ્યૂં હતું તે દાંડીના સિરાજુદ્દીન વાસીના બંગલાની નજીક તેઓ થોભ્યા કે સાવ અનાયાશે તેમને મીઠાની ભાળ મળી ગઈ. ગાંધી કુદરતી રીતે જ્યાં મીઠું પાકતું હતું એવી જગ્યાએથી ચપટી મીઠું ઉપાડીને જનસામાન્યને રંજાડતા કાયદા સામે વિરોધ વ્યક્ત કરવા માટે દાંડીકૂચ કરી હતી. પરંતુ ગાંધી કે તેમના સાથીઓને કુદરતી મીઠાની બક્ષિસ સીધેસીધી મળી ન આવે તે માટે સરકારી માણસોની ટુકડીઓએ પાવડાથી રગદોળીને મીઠાને માટીમાં ભેળવી દેવાના સતત પ્રયાસો કર્યા હતા. ગાંધી કે તેમના સાથીઓને જો મીઠું જ ના મળે તો તેઓ સત્યાગ્રહ શું કરવાના? આવો નિંદનીય વિચાર અંગ્રેજ સરકારે કર્યો હતો. પરંતુ કુદરતે જ એવી સ્થિતિ સર્જી દીધી કે ગાંધી જ્યાં ઊભા હતા ત્યાં જ એમના ચરણ આગળ ચકચકતા મીઠાની જગ્યા મળી આવી. ગાંધીજીએ મીઠુબેન પીટીટ અને કલ્યાણજીભાઈ તથા કૂચના સૈનિકો અને હજારો માનવની મેદની વચ્ચે બરાબર સવારે સાડા છ કલાકે મીઠાની ચપટી ભરી અને હજારો લોકોએ ગગનભેદી નાદ ગજાવ્યો ×નમક કા કાયદા તોડ દિયા×.

મહાત્મા ગાંધીએ ચપટીમાં મીઠું ભરતાં ગંભીર સ્વરે કહ્યું ×બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં આથી લૂણો લગાડું છું×, અને ખરેખર અંગ્રેજ સલ્તનત ના સામ્રાજ્યને તેમણે લૂણો લગાડી દીધો. ૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખની આ પ્રભાતવાણી ૧૯૪૭ માં ૧૫ મી ઓગસ્ટે સાચી ભવિષ્યવાણી નીવડી એ જગતને જોવા મળ્યું.

અંગ્રેજ સરકારે અંગ્રેજ સરકારે ૬ઠ્ઠી એપ્રિલે ગાંધીજીને તો ન પકડયા પણ એમના પુત્ર રામદાસ ગાંધીની આગેવાની નીચે બારડોલીથી આવેલા ૩૧૯ સૈનિકોની ટુકડી કે જેમણે સુરત પાસેના ભીમરાડ ગામે ગાંધીજીની સંમતિથી મીઠું ઉપાડ્યું હતું. તેમને સરકારી કાયદાના ભંગ બદલ દંડ્યા હતા. મહાત્મા ગાંધીના પુત્ર રામદાસભાઈ અને તેમના ચાર સાથીઓને પોલીસે અટકાયત કરીને છ-છ માસની સજા કરી હતી. એટલે ગાંધીની ધરપકડ નહીં પરંતુ તેમના સાથીઓની ધરપકડ કરવાની અને તેમને સજા કરવાની વૃતિ અંગ્રેજ સરકારે દાખવી હતી. જો કાયદાનો ભંગ કરવા બદલ ધરપકડ કરવાની હોય તો ગાંધીની પહેલા થવી જોઈએ પરંતુ અંગ્રેજ સરકાર ગાંધીને નહીં પણ ગાંધીના સમર્થકોને પકડીને ગાંધીજીને અને તેમની લડતને નબળી પાડવા માગતા હતા. ગાંધીને થકવી નાંખવા માગતા હતા. માત્ર દાંડી કે સુરત જિલ્લાના નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાંથી આગેવાન કાર્યકરોની અંગ્રેજ સરકારે મોટી સંખ્યામાં ધરપકડ કરી હતી. ગાંધીજીને મુંઝવવાનો વ્યૂહ આ રીતે સરકારે ઘડ્યો હતો. પણ મુંઝાય તો મહાત્મા શેના? ગાંધીજીએ ધરપકડ થાય એની રાહ જોઈને બેસી રહેવાને બદલે છઠ્ઠી એપ્રિલથી જ લોકલડતને વધારે ને વધારે પ્રમાણમાં પ્રસરાવવાના પ્રયાસો હાથ ધરી દીધા.

જે દિવસે મીઠું ઉપાડ્યું એ દિવસે તેમણે દાંડી ની આસપાસના વિવિધ ગામો જેમકે આટ, ભીમરાડ, ઊંબેર, બુડિયા, પિંજરત, કરાડી, મટવાડ, સુરત, અને ઊંટડી વગેરે અનેક ગામોની રૂબરૂ મુલાકાત લીધી. એ થકી લોકોને સામૂહિક રીતે સરકારી કાયદા ભંગના કાર્યક્રમો સામેલ કરવાના પ્રયાસો કર્યા. ગાંધીજીના આવા પ્રયાસોને કારણે સમગ્ર ભારતમાં ઠેર ઠેર સત્યાગ્રહના મંડાણ થયા. સુરતજિલ્લાની જેમ જ ભરૂચના ડોલીયાખાડી, બંટખાડી અને દેણવા, ખેડા જિલ્લામાં બદલપુર અને લસુન્દ્રા અમદાવાદ જિલ્લામાં ધોળકા વિરમગામ અને ખારાગોઢા તથા મુંબઈમાં વડાલા, સિંધમાં કરાંચી તેમજ બંગાળમાં અને દરેકે દરેક પ્રાંતમાં સરકારની સામે સત્યાગ્રહના મોરચા માંડવામાં બહુ જ મોટો ફાળો તેમણે આપ્યો.

મહાત્મા ગાંધીની ધરપકડ ધરપકડ થઈએ અગાઉ ગાંધીજીએ મહિલાઓને સમાજ વિકાસ અને સ્વાતંત્ર્યની લડતમાં જોડવા માટેનો સુંદર મજાનો પ્રયાસ કર્યો, ગાંધીજીના આ પ્રયાસો ખૂબ સફળ બન્યા. ગાંધીએ સ્ત્રી સશક્તિકરણ માટે આજીવન કાર્ય કર્યું હતું. ગાંધીએ દાંડી ને કાંઠે મીઠા ની સામે વિરોધ તો વ્યક્ત કરતું આંદોલન કર્યું અને એ માટે દાંડીકૂચ નીકળી હતી તેમાં એક પણ મહિલા સામેલ ન હતી પરંતુ છઠ્ઠી તારીખથી સોળમી તારીખ સુધીના ગાળામાં અંગ્રેજોએ ગાંધીજીની ધરપકડ ન કરી એ દિવસોમાં ગાંધીએ મહિલાઓને ઘરની ચાર દિવાલોમાંથી બહાર લાવવાના કામમાં જોડી દીધા હતા એમ કહી શકાય.